## Day 3: Chhugo Trijo

# છૂગો ત્રીજો

આશાજી હેતસું નારી તેરી આસજ કરતી, ને કશું કીધો મૌલાજી;
જાન તમે લઈને આવજો, તો કરીએ નરસું વાણુ-અલી. ૧

આશાજી પેલી રાત વીવાજ તણી, તારે કરો સતિયુંના કાજજી;
તે તમે સાંભળો હંસાજીના રાજા, નારીના સારો કાજ-અલી. ૨

આશાજી હેત કરીને નારી આવી, તે બાલ કુંવારી નારીજી;
છેડો નાખી મૌલા તમેજ ઢાંકજો, જેમ લોક ને દેખે લગાર-અલી ૩

આશાજી ચાર જુગની અમને આશાજ પોતી, કલજુગમાં કીધી તમે સારજી,
અમે નારી તમે નાથજી, તમે અમારા ભરથાર-અલી.૪

આશાજી નર અલી મોટા તમે નાથજી, અમે તમારી નારીજી;
નીચ નારીની તમે પતજ રાખજો, અમને આશા છે તમારી-અલી ૫
આશાજી મેહેર કરીને તમે મોટા કરો, હમ નાર છઉં તમ મોલાકી;
આસ કરીને હું નારી આવી, હું નારી છું તમ શાહકી-અલી. ૬

આશાજી ભવો ભવકી હું કથણી કંથુ, કેતી કહું તેની વાતજી,
વેનતી સુણો તમે મૂજ નારીની, હીરખેસું જાલો મારો હાથ-અલી.૭

આશાજી હું નારી બહુ અપરાધણ છઉં, અમે આવ્યા તમારે પાસજી;
બે કર જોડી અમેજ આવ્યા, તમે સાંભળો મોરા નાથ-અલી ૮

આશાજી દિલ ભરી અમેજ આવ્યા, ઊભા તમારે દરબારજી;
અલીવર તમે હંસાજીના રાજા, મૌલા સતિયુંની કરજો સાર-અલી ૯

આશાજી અરજ કરીને પીરજી બોલ્યા, અમે આવ્યા તમારે પાસજી;
પીર હસન કબીરદીન વેનતી બોલ્યા, મૌલા અમને છે તમારી આસ-અલી.૧૦